પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૭ ૯ નવેમ્બર, ૨૦૨૨, બુધવાર; કારતક વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આતંક પીડિતો માટે મેડિકલ કોર્ષમાં અનામત

**મેડિકલ એડમિશન બાબતે કેન્દ્ર સરકારનું મોટું એલાન : આતંક પીડિતોને એમબીબીએસ અને બીડીએસ કોર્સમાં એડમિશન માટે અનામત મળશે : શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ થી ટેરર વિક્ટિમ રિઝર્વેશન કોટા લાગુ થશે, આ સંબંધિત ઓફિશિયલ નોટિફિકેશન જારી કરવામાં આવી ચૂક્યુ છે, કેન્ડિડેટ્સ સેન્ટ્રલ પુલ દ્વારા આ કોટાનો લાભ લઈ શકાશે**




નવી દિલ્હી, તા.૮

મેડિકલ એડમિશનને લઈને કેન્દ્ર સરકારે મોટુ એલાન કર્યુ છે. હવે એમબીબીએસ અને બીડીએસ કોર્સમાં એડમિશન માટે અનામતના નિયમમાં વધુ એક કોટા જોડી દેવાયો છે. આ કોટા છે આતંક પીડિતોનો. આ શૈક્ષણિક સત્ર એટલે ૨૦૨૨-૨૩ થી ટેરર વિક્ટિમ રિઝર્વેશન કોટા લાગુ કરવામાં આવી રહ્યો છે. આ સંબંધિત ઓફિશિયલ નોટિફિકેશન જારી કરવામાં આવી ચૂક્યુ છે. કેન્ડિડેટ્સ સેન્ટ્રલ પુલ દ્વારા આ કોટાનો લાભ લઈ શકાશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્ણય અનુસાર જમ્મુ કાશ્મીરમાં એકેડેમિક યર ૨૦૨૨-૨૩થી એમબીબીએસ અને બીડીએસમાં આતંક પીડિતો માટે કોટા અનામત રહેશે. આ અનામત મેડીકલ સીટ આતંક પીડિતોના બાળકો અને તેમના જીવનસાથી એટલે પતિ કે પત્ની માટે હશે.

એમબીબીએસ, બીડીએસ રિઝર્વેશનઃ કોને મળશે ફાયદો? ટેરર વિક્ટિમ માટે લાવવામાં આવેલી અનામત નીતિ હેઠળ પ્રાથમિકતાઓને ત્રણ શ્રેણીઓમાં વહેંચવામાં આવી છે. જાણો રિઝર્વેશનમાં કોને પહેલી પ્રાથમિકતા મળશે, કોને બીજી.

● અનુસંધાન પાન-૭ પર

# શિક્ષણ એ નફો કમાવવાનો વ્યવસાય નથી : સુપ્રીમ

**ટ્યુશન ફી હંમેશા સસ્તી હોવી જોઈએ : સુપ્રીમ કોર્ટે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો**

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટે સોમવારના રોજ રાખતા ખાનગી બિન-અનુદાનિત મેડિકલ કોલેજોમાં એમબીબીએસ અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફી વધારીને ૨૪ લાખ રૂપિયા કરવાના રાજ્ય સરકારના નિર્ણય પર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આદેશને સમર્થન આપ્યું છે. જસ્ટિસ એમ. આર. શાહ અને જસ્ટિસ એમ. એમ. સુંદરેશની બેન્ચે ભાર આપીને કહ્યું હતું કે, ફી ને વધારીને ૨૪ લાખ કરવામાં આવી છે. તે અગાઉ નક્કી કરેલી ફી કરતા સાત ગણી વધું છે, તે યોગ્ય નથી. શિક્ષણ એ નફો કમાવવાનો વ્યવસાય નથી. ટ્યુશન ફી હંમેશા સસ્તી રહેશે.

આ માટે કોર્ટે રાજ્ય સરકાર અને નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (નાલ્સા) અને સુપ્રીમ કોર્ટની આર્બિટેશન એન્ડ કોન્સીલીએશન પ્રોજેક્ટ કમિટી (એમસીપીસી)ને ચૂકવવા માટે દરેક એપેલમેન્ટ મેડિકલ કોલેજ પર ૨.૫ લાખનો ખર્ચ લાદ્યો છે. સુપ્રીમ કોર્ટે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો છે. તેમાં ખાનગી બિન-અનુદાનિત મેડિકલ કોલેજોમાં એમબીબીએસ અભ્યાસક્રમોની વાર્ષિક ટ્યૂશન ફી વધારીને ૨૪ લાખ રૂપિયા કરવાના રાજ્ય સરકારના નિર્ણયને રદ કરવામાં આવ્યો હતો. બેન્ચે મેડિકલ કોલેજોને સપ્ટેમ્બર ૨૦૧૭માં જારી કરાયેલા સરકારી આદેશ (ગો) હેઠળ વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવેલી વધારાની ફી પરત કરવાના હાઈકોર્ટના



નિર્દેશોને પણ સમર્થન આપ્યું હતું. તેના દ્વારા રાજ્યએ ફીમાં વધારો કર્યો હતો.

બેન્ચે સ્પષ્ટા કરી હતી કે, જો એડમિશન અને ફી રેગ્યુલેટરી કમિટી પહેલાથી જ નિર્ધારિત ટ્યુશન ફીથી વધુ ટ્યુશન ફી નક્કી કરે છે તો તે મેડિકલ કોલેજો માટે સંબંધિત વિદ્યાર્થીઓ માટે તેને વસૂલવા માટે હમેશા ખુલ્લું રહેશે. જો કે સંબંધિત મેડિકલ કોલેજોને એકત્રિત કરવામાં આવેલી રકમ જાળવી રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# બેંકોનું ૧૯મીએ હડતાલનું એલાન

**બેન્કિંગ સેવા ખોરવાશે : બેંક્સ એસોસિએશનને હડતાલની નોટિસ આપવામાં આવી : ૧૯ નવેમ્બરે ત્રીજો શનિવાર છે**

નવી દિલ્હી, તા.૮

જો તમારી પાસે ૧૯મી નવેમ્બર એટલે કે, શનિવારના રોજ બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કામ હોય તો તે કામ થોડા દિવસ પહેલા જ પતાવી લેજો. કારણ કે, આ દિવસે દેશભરની બેંકો બંધ રહી શકે છે. વાસ્તવમાં, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (એઆઈબીઈએ)નું કહેવું છે કે, ૧૯ નવેમ્બરે દેશભરમાં બેંક હડતાળ થશે. જેના કારણે, આગામી સપ્તાહે દેશભરની બેંકિંગ સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. ૧૯ નવેમ્બરે ત્રીજો શનિવાર છે. જ્યારે તમામ બેંકો પ્રથમ અને ત્રીજા શનિવારે ખુલ્લી રહે છે.

સોમવારે એક નિયમનકારી ફાઈલિંગમાં, બેંક ઓફ બરોડા (બીઓબી) એ જણાવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરીએ ઈન્ડિયન બેંક્સ એસોસિએશનને હડતાલની નોટિસ આપી છે. જેમાં જણાવ્યું છે કે, તેમના સભ્યો તેમની માંગણીઓ માટે ૧૯ નવેમ્બરના રોજ હડતાળ પર ગયા હતા. ત્યારે બેંકે જણાવ્યું હતું કે, બેંક હડતાળના દિવસોમાં બેંકની શાખાઓ અને કાર્યાલયોની કામગીરી સારી રીતે ચાલે તે માટે જરૂરી પગલાં લઈ રહી છે. પરંતુ હડતાળના સંજોગોમાં શાખાઓ અને કચેરીઓના કામકાજને અસર થઈ શકે છે. આ સાથે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, ૧૯ નવેમ્બરે હડતાળના કારણે એટીએમ સેવાઓ પણ પ્રભાવિત થઈ શકે છે.

# શપથ વખતના વચનો અમુક હદ સુધી પૂર્ણ કર્યા : ચીફ જસ્ટિસ લલિત

**ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિતનું વિદાય સમારોહમાં સંબોધન : કાર્યભાર સંભાળ્યા બાદથી ૧૦૦૦૦થી વધુ કેસોનો ઉકેલ આવ્યો : ચીફ જસ્ટિસ લલિતા**

નવી દિલ્હી, તા.૮

ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિતે સોમવારે કહ્યું હતું કે, તેઓ તેમના વચનો અમુક હદ સુધી પૂર્ણ કરવામાં સક્ષમ છે, જેમાં ઓછામાં



ઓછી એક બંધારણીય બેંચને દરેક સમયે કાર્યરત કરવી, સુનાવણી પ્રણાલીને સુવ્યવસ્થિત કરવી અને સુપ્રીમ કોર્ટમાં પેન્ડન્સી ઘટાડવાનો સમાવેશ થાય છે.

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (એસસીબીએ) દ્વારા આયોજિત એક વિદાય સમારંભમાં જસ્ટિસ લલિતે કહ્યું કે જે દિવસથી તેમણે મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળ્યો છે ત્યારથી સુપ્રીમ કોર્ટમાં ૧૦,૦૦૦ થી વધુ કેસોનો ઉકેલ આવ્યો છે અને વધારાની ૧૩,૦૦૦ ખામીયુક્ત અરજીઓનો પણ નિકાલ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, આજે તમારી સામે મને એ વચનો યાદ છે જે મેં ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારે કર્યા હતા.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે મેં કહ્યું હતું કે, હું સૂચિની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરીશ. હું જોઈશ કે, ઓછામાં ઓછી એક બંધારણીય બેંચ સંપૂર્ણ રીતે કાર્યરત રહે અને નિયમિત બાબતોને ટૂંક સમયમાં તારીખ મળે. મારે કહેવું જ જોઈએ કે, એક હદ સુધી હું તે વચનો પૂરા કરવામાં સફળ રહ્યો છું.

જસ્ટિસ લલિતે કહ્યું કે, જે દિવસે તેમણે ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા હતા તેમણે અન્ય તમામ જસ્ટિસ સાથે એક પૂર્ણ અદાલતની મીટિંગ કરી હતી અને તેમણે ૩૪ સ્વીકૃત પદના મુકાબલે ૩૦ જસ્ટિસ સાથે શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, આજે આપણે ૨૮ છીએ આવતીકાલે ૨૭ થઈ શકે છે. તેથી મેં ફક્ત ૩૦ ને ૫ નંબરથી વિભાજિત કર્યું અને કહ્યું કે, છ બંધારણીય બેંચ શક્ય છે. એકથી છ સુધી અમે નક્કી કર્યું છે કે, તમામ ૩૦ ન્યાયાધીશો કોઈને કોઈ બંધારણીય બેંચનો ભાગ હશે અને શક્ય તેટલા ઓછા સમયમાં અમે છ બેંચ ચાલું કરી શકીએ છીએ.

# કોંગ્રેસ સેવા દળના નેતા કૃષ્ણકાંત પાંડેનું ભારત જોડો યાત્રામાં નિધન

**પાંડે યાત્રા દરમિયાન પડી ગયા હતા**



મુંબઈ, તા.૮

કોંગ્રેસ સેવા દળના નેતા કૃષ્ણકાંત પાંડેનું મંગળવારે ’ભારત જોડો યાત્રા’ દરમિયાન નિધન થઈ ગયું હતું. કોંગ્રેસની ’ભારત જોડો યાત્રા’ હાલમાં મહારાષ્ટ્રમાંથી પસાર થઈ રહી છે. ગત રાત્રે જ યાત્રાએ મહારાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો. પાંડે કોંગ્રેસના સેવા દળમાં મહાસચિવના પદ પર હતા.

કોંગ્રેસે એક નિવેદનમાં જણાવ્યું કે, પાંડે યાત્રા દરમિયાન પડી ગયા હતા અને તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે જણાવ્યુ કે, પાંડે પાર્ટીના દિગ્ગજ દિગ્વિજય સિંહની સાથે હાથમાં તિરંગો લઈને ચાલીને પાછા ચાલ્યા ગયા હતા અને જે બાદ જ તેઓ પડી ગયા. તેમને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

રાજ્યસભાના સભ્યએ કહ્યું કે, તે કટ્ટર કોંગ્રેસી હતા અને નાગપુરમાં આરએસએસ સાથે લડતા હતા. ભારત જોડો યાત્રાનું નેતૃત્વ કરી રહેલા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પાંડેના ચાહકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.

# દિલ્હી સરકારે આ વર્ષે ૮૪૦૦થી વધુ જૂના વાહનો જપ્ત કર્યા

**રાજધાનીના માર્ગો પર ચાલતા જૂના અને પ્રદૂષિત વાહનો પર મોટી કાર્યવાહી : સત્તાવાર આંકડાઓ અનુસાર, પકડાયેલા વાહનોની સંખ્યા ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૧૮૮ ટકા વધુ છે**

નવી દિલ્હી, તા.૮

રાષ્ટ્રીય રાજધાનીના માર્ગો પર ચાલતા જૂના અને પ્રદૂષિત વાહનો પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હી સરકારે આ વર્ષે અત્યાર સુધીમાં ૮,૪૦૦ થી વધુ વાહનો જપ્ત કર્યા છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, પકડાયેલા વાહનોની સંખ્યા ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૧૮૮ ટકા વધુ છે. સુપ્રીમ કોર્ટના ૨૦૧૮ના ચુકાદા મુજબ, દિલ્હીમાં અનુક્રમે ૧૦ વર્ષ અને ૧૫ વર્ષથી જૂના ડીઝલ અને પેટ્રોલ વાહનોના ચલાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને આ આદેશનું ઉલ્લંઘન કરનારા વાહનોને જપ્ત કરવામાં આવશે. જેમ કે, દિલ્હી પરિવહન વિભાગે શહેરમાં ચાલતા આવા વાહનો પર મોટી કાર્યવાહી શરૂ કરી છે.

સત્તાવાર ડેટા અનુસાર, ૨૦૨૨-૨૩માં ૮,૪૪૪ જૂના વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. ૨૦૨૧-૨૨માં આ સંખ્યા ૨,૯૩૧ યુનિટ હતી. ડેટામાં એમ પણ કહેવાયું છે કે, ૨૦૨૨-૨૩માં ૨૩,૨૧૨ વાહનો પ્રદૂષણ



નિયંત્રણ પ્રમાણપત્ર (પીયુસીસી) વિના ચાલતા જોવા મળ્યા હતા. જ્યારે ૨૦૨૧-૨૨માં આવા ૨૯,૫૭૦ વાહનો પકડાયા હતા. ડેટા દર્શાવે છે કે, ૨૦૨૨-૨૩માં કુલ ૬૦,૩૬,૨૦૭ પીયુસીસી જારી કરવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૨૧-૨૨માં ૪૨,૨૫,૯૪૬ પીયુસી જારી કરવામાં આવ્યા હતા.

પરિવહન વિભાગના ડેટાને ટાંકીને, તાજેતરના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૧૮થી આ વર્ષે ૧૭ ઓક્ટોબરની વચ્ચે રાજધાનીમાં લગભગ ૫૩.૩૮ લાખ વાહનો રદ કરવામાં આવ્યા છે. ડેટા દર્શાવે છે કે, આમાંના ૪૬ લાખથી વધુ વાહનો પેટ્રોલ એન્જિનવાળા હતા અને ૧૫ વર્ષથી વધુ જૂના હોવાનું જણાયું હતું.

અન્ય ૪.૧૫ ડીઝલ વાહનોને પણ રસ્તા પરથી ઉતારી લેવામાં આવ્યા હતા કારણ કે, તે ૧૦ વર્ષથી વધુ જૂના હતા.

# આગામી સપ્તાહે વિશ્વની વસતી આઠ અબજ સુધી પહોંચી જશે

**આવતા અઠવાડિયે વિશ્વની વસ્તીમાં મોટો ફેરફાર થવાનો છે : આગામી દાયકાઓમાં વસ્તી વધતી રહેશે, ૨૦૫૦ સુધીમાં આયુષ્ય વધીને સરેરાશ ૭૭.૨ વર્ષ થશે**

નવી દિલ્હી, તા.૮

આવતા અઠવાડિયે વિશ્વની વસ્તીમાં મોટો ફેરફાર થવાનો છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર આગામી સપ્તાહે વિશ્વની વસ્તી આઠ અબજ સુધી પહોંચી જવાની છે. યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ પોપ્યુલેશનએ જણાવ્યું હતું કે આગામી દાયકાઓમાં વસ્તી વધતી રહેશે, ૨૦૫૦ સુધીમાં આયુષ્ય વધીને સરેરાશ ૭૭.૨ વર્ષ થશે. ૧૫ નવેમ્બર સુધીમાં, પૃથ્વી પર મનુષ્યોની સંખ્યા વધીને આઠ અબજ થઈ જશે. ભારત માટે ખતરાની ઘંટડી વાગી રહી છે, કારણ કે એવો અંદાજ છે કે દેશની વસ્તી સતત વધશે અને ૨૦૫૦ સુધીમાં તે ૧.૭ અબજને પાર કરી શકે છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર, ૨૦૨૧માં, સરેરાશ પ્રજનન દર સ્ત્રી દીઠ ૨.૩ બાળકો હતા, જે ૧૯૫૦ માં લગભગ પાંચ કરતા ઓછા હતા, જે ૨૦૫૦ સુધીમાં ઘટીને ૨.૧ થઈ જશે.

યુનાઈટેડ નેશન્સ આગાહી કરે છે કે વિશ્વની વસ્તી ૨૦૩૦ માં લગભગ ૮.૫ અબજ, ૨૦૫૦ માં ૯.૭ અબજ અને ૨૦૮૦ માં લગભગ ૧૦.૪ અબજ સુધી વધી જશે. જુદા જુદા પ્રદેશોમાં સરેરાશ ઉંમર પણ અલગ છે. સરેરાશ ઉંમર હાલમાં યુરોપમાં ૪૧.૭ વર્ષ છે જ્યારે સબ-સહારન આફ્રિકામાં ૧૭.૬ વર્ષ છે. સ્નો કહે છે કે આ અંતર આજના જેટલું મોટું ક્યારેય નહોતું. આ સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

# સામાન્ય ઈજા બાદ રોહિત શર્માએ ફરી શરૂ કરી પ્રેક્ટિસ

નવી દિલ્હી, તા.૮

ભારતીય ક્રિકેટ ટીમને મંગળવારે સવારે મોટો ઝટકો લાગ્યો છે. કેપ્ટન રોહિત શર્મા પ્રેક્ટિસ મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. થ્રો ડાઉન દરમિયાન



રોહિત શર્મા પોતાનો શોટ ચૂકી ગયો હતો અને તેના હાથ પર બોલ વાગ્યો હતો. જે બાદ તે તરત જ નેટ પ્રેક્ટિસ છોડીને જતો રહ્યો હતો. ભારતીય ટીમની ૧૦ નવેમ્બરે બીજી સેમિફાઈનલ મેચ છે, જે ઈંગ્લેન્ડ સામે રમવાની છે. ટુર્નામેન્ટ પહેલા મંગળવારે વૈકલ્પિક નેટ પ્રેક્ટિસ યોજાઈ હતી. રોહિતે શોર્ટ આર્મ પુલ કરવાની કોશિશ કરી હતી અને ૧૮ ગજથી ૧૫૦થી વધુની સ્પીડથી ફેંકવામાં આવેલા થ્રોડાઉન દરમિયાન એક બોલનો થોડો વધુ ઉછાળ આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર


